23 લઘુકાવ્યો : દુહા-મુક્તક-હાઈકુ

રઈશ મણિયાર

(જન્મ : 19-08-1966)

રઈશ મણિયારનું મૂળ વતન વલસાડ પાસેનું પારડી ગામ છે. તેઓ એમ.ડી. (બાળરોગ નિષ્ણાત) થયેલા છે. 'કાફિયા નગર', 'શબ્દ મારા સ્વભાવમાં જ નથી'અને 'નિહાળતો જા' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. 'અસ્તિત્વ અને વ્યક્તિત્વ', 'ગઝલઃ રૂપ અને રંગ', 'ગઝલનું છંદોવિધાન' તેમના વિવેચનના ગ્રંથો છે. 'બાળ ઉછેરની બારાખડી' તેમનું બાળ ઉછેરનું નોંધપાત્ર પુસ્તક છે.

મુક્તક એ કાવ્ય સાહિત્યનું લઘુ સ્વરૂપ છે. બે, ચાર કે છ પંક્તિઓમાં લાઘવથી કવિ વિષય કે સંવેદનને રજૂ કરતા હોય છે. આ જગતમાં અનેક પ્રકારના સંઘર્ષો છે એમાં હાર્યા વગર સતત આગળ વધવાનું છે. સુખ અને દુઃખ તો એક સિક્કાની બે બાજુ છે. સુખમાં છકી નથી જવાનું ને દુઃખમાં તૂટી નથી જવાનું. આ દુનિયામાં એવો કોઈ મુગટ એટલે કે એવી જવાબદારી નથી કે જેમાં ભાર ના હોય. આનંદથી એ ભારને પણ વહન કરવાનો ભાવ આ મુક્તકમાં છે.

બરકત વીરાણી 'બેફામ'

(જન્મ : 25-11-1923, મૃત્યુ : 02-01-1994)

'બેફામ'નું મૂળ નામ બરકતઅલી ગુલામહુસેન વીરાણી હતું. તેઓ ભાવનગર જિલ્લાના ઘાંઘળી ગામના વતની હતા. આકાશવાણી મુંબઈમાં એડિટર તરીકેની કામગીરી બાદ નિવૃત્ત થયા હતા. 'માનસર ઘટા' અને 'પ્યાસ' એમના ગઝલ સંગ્રહો છે. એમની 'આગ અને અજવાળા' તથા 'જીવતા સૂર' વાર્તાઓ પ્રકાશિત થયેલી છે. 'રસ સુગંધ ભાગ-1 અને ભાગ-2' એમની નવલકથાઓ છે.

આ મુક્તકમાં કર્મનો મહિમા છે. માણસની સફળતા એની હાથની રેખાઓમાં નહિ પણ એની મહેનતમાં હોય છે. કોઈ ઈમારત બનાવતાં પહેલાં એનો નકશો બનાવવામાં આવે છે, પરંતુ નકશો એ ઈમારત નથી. એમ નસીબ એ જીવન નથી. જીવન તો માણસની મહેનત અને પ્રયત્નથી બને છે.

મુરલી ઠાકુર

(જન્મ : 1910, મૃત્યુ : 1975)

મુરલીધર રામચંદ્ર ઠાકુર સાબરકાંઠા જિલ્લાના ઉમેદગઢના વતની હતા. તેઓ ગુજરાતીના અધ્યાપક અને ત્યારબાદ આકાશવાણીમાં ગુજરાતી કાર્યક્રમોના નિર્માતા બન્યા હતા. 'સફર અને બીજાંકાવ્યો'માં તેમનાં કાવ્યો સંગ્રહાયાં છે. 'મેળો' તેમનાં બાળગીતોનો સંગ્રહ છે. 'પ્રેમલ જ્યોત'માં તેમની વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. 'ગાંધીવાણી' નામે તેમનો અભ્યાસગ્રંથ પ્રસિદ્ધ થયો છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

(જન્મ : 11-11-1937, મૃત્યુ : 31-07-1981)

અનિરુદ્ધ લાલજીભાઈ બ્રહ્મભટ્ટનું વતન વીરમગામ પાસેનું દેત્રોજ છે. તેઓ અધ્યાપક તરીકે કાર્ય કરતા હતા.

કવિ, વિવેચક, વાર્તાકાર અને નિબંધકાર તરીકે તેઓ જાણીતા છે. 'કિમપિ' એમનો કાવ્યસંગ્રહ છે. 'અજાણ્યું સ્ટેશન' વાર્તાસંગ્રહ છે. 'નામરૂપ'માં તેમના ચરિત્રનિબંધો છે. 'ચલ મન વાટે-ઘાટે' ના ચાર ભાગમાં તેમની નિબંધિકાઓ પ્રગટ થયેલી છે. 'ઋષિવાણી' નામના ગ્રંથમાં અધ્યાત્મ અને ચિંતન વિષયક લેખો છે.

બીજા હાઈકુમાં રાતનું ચિત્ર છે. દીપ હોલવવાથી અંધારું થશે એની ચિંતા છે પણ બારીમાં તો ચંદ્ર ખીલી ગયો છે એ દૃશ્ય આપણી નજર સામે ઊભું થાય છે. અંધકાર અને પ્રકાશની બે સ્થિતિ સરસ રીતે પ્રગટ થઈ છે.

દુહા એ મૂળ લોકસાહિત્યનું સ્વરૂપ છે. અત્યંત લાઘવથી કોઈ પ્રસંગ, ભાવ રજૂ થતો હોય છે. પ્રથમ દુહામાં ઉત્તમ વ્યક્તિ બનવું એ કેટલું અઘરું છે એ ભાવ જુદાં જુદાં ઉદાહરણો દ્વારા વ્યક્ત થયો છે. કુલદીપક થવું એટલે કે પોતાના કુળને ઉજાળવું કઠિન છે. દેશદીપક થવું એ તો દુર્લભ વાત છે. જ્યારે જગતના દીપક બનવું, આખા જગતને ઉજાળવું એ તો કોઈ ભગવાનનો અંશ હોય એ વ્યક્તિ જ કરી શકે.

બીજા દુહામાં કવિએ વર્ણવ્યું છે કે આદર અને સ્નેહ મહત્ત્વના છે. તે જ સાચો સંબંધ છે આદર અને સ્નેહ વિનાના ઘરમાં સોનાનો વરસાદ થતો હોય તો પણ ત્યાં ન જવું જોઈએ.

દુહા

1. કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ,
જગદીપક જગદીશના, અંશી કોક અલભ્ય.

2. આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ,
તે ઘર કદી ન જાઈએ, કંચન વરસે મેહ.

મુક્તક

1.ચેતજે જીતમાંય હાર ન હો,
સુખ એ દુઃખનો કોઈ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો.

- રઈશ મણિયાર

2. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી.

- બરકત વીરાણી 'બેફામ'

હાઈકુ

1. ખોરડું નાનું
સૂરજનો ઉજાસ
મોટું આંગણું

-મુરલી ઠાકુર

2. દીપ હોલવું,
થશે અંધારું; અરે!
બારીમાં ચંદ્ર !

- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

શબ્દ-સમજૂતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

દુર્લભ-મુશ્કેલીથી મળે તેવું, દુષ્પ્રાપ્ય; **અંશી**-જેનો તે ચોક્કસ અંશ છે તેવું; **મેહ**-વરસાદ, મેઘ; **જગત**-વિશ્વ; **મુગટ**- તાજ(અહીં) સત્તા, જવાબદારી; **ભાર**-બોજ; **આંગણ**-ઘરના બારણા સામેની ખુલ્લી જગ્યા, ફળિયું

તળપદા શબ્દો

કો-કોઈક; **નેહ**-સ્નેહ; **હોલાવું**-હોલવવું

વિરુદ્ધાર્થી શબ્દો

દુર્લભ×સુલભ; **આદર**×અનાદર

સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) કવિ કયાં જવાની ના પાડે છે ?

(A) આવકાર મળે ત્યાં (B) આદર મળે ત્યાં

(C) આંખોમાં સ્નેહ દેખાય ત્યાં (D) આવકારો ન મળે ત્યાં

(2) શું બનવું દુર્લભ છે ?

(A) કુલદીપક (B) દેશદીપક

(C) વીર (D) મહાન

2. એક વાકયમાં ઉત્તર આપો.

(1) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?

3. બે-ત્રણ વાકયોમાં ઉત્તર આપો.

(1) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે?

4. સાત-આઠ લીટીમાં ઉત્તર આપો.

(1) પ્રથમ મુકતકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે? વિસ્તારથી સમજાવો.

(2) પંક્તિઓ સમજાવો.

''સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,

ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી.''

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

વર્ગખંડમાં કે શનિવારના સંમેલનમાં દુહા ગાવાની સ્પર્ધા ગોઠવો.

હાઈકુનું બંધારણ શિક્ષક પાસેથી સમજીને હાઈકુ લખવા પ્રયત્ન કરો. ઓછાંમાં ઓછા પાંચ હાઈકુ લખો. જો શકય હોય તો હાઈકુના ભાવનું ચિત્ર દોરો.

સુવિચારોનો સંગ્રહ કરો અને દરરોજ શાળાના ભીંતપત્રમાં તે લખાય તેવું ગોઠવો.

ગુજરાતી-હિન્દી-સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં લખાયેલાં મુક્તકો કંઠસ્થ કરી સંમેલનમાં તેની રજૂઆત કરો.

હાઈકુ અને મુક્તકોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.

ભાષા અભિવ્યક્તિ

દુહાની લાક્ષણિકતા જ એ છે કે શબ્દો ઓછા હોય, છતાં વાત ચોટદાર હોય. બીજા દુહામાં 13 જેટલા શબ્દોના ઝૂમખામાં અહીં ત્રણ વખત 'નહિ' શબ્દનું પુનરાવર્તન થાય છે. 'તે' - સર્વનામ છે 'કદી' ક્રિયાવિશેષણ છે. પ્રથમ ચરણમાં 'અ' વર્ણના અને બીજા ચરણમાં 'ન' વર્ણના પુનરાવર્તનથી વર્ણાનુપ્રાસની ગૂંથણી થાય છે. આમ, અહીં ગાગરમાં સાગર સમાવાયો છે.

શિક્ષકની ભૂમિકા

દુહા :

દુહા ઓછામાં ઓછા શબ્દોમાં ઘણું કહેવાની ક્ષમતા ધરાવે છે. બે લીટીના દુહામાં જીવનની સચ્ચાઈ કે જીવનોપયોગી વિચાર રજૂ થતા હોય છે.

કુળને તારનાર કે દેશનું નામ રોશન કરનાર વ્યક્તિ મળવી કઠિન અને દુર્લભ છે. પરંતુ સમગ્ર જગતને માર્ગ બતાવે તેવા તો ઈશ્વરના અંશ જ હોઈ શકે એવા અર્થમાં પ્રયોજાયેલા પ્રથમ દુહાને સમજાવવા આપણી આસપાસનાં વિખ્યાત હોય તેવાં ઉદાહરણ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાં.

આજના ઝડપી જમાનામાં માણસને સમય મળતો નથી. જીવનની ભાગદોડમાં માનવતા જાણે મરી પરવારી છે, પરિણામે મહેમાનો આવે તે પણ પોસાતું નથી અને પાલવતું પણ નથી. શહેરી જીવનની આ કરુણ વાસ્તવિકતા છે. ખરેખર તો અતિથિને પ્રેમ, આદર ન મળે તો તેવા ઘેર સોનાનો વરસાદ થતો હોય તો પણ જવું ના જોઈએ તેવો આ દુહાનો અર્થ સ્પષ્ટ કરવો. અતિથિ સત્કારને લગતી બોધકથાઓ કહેવી. તેમજ કવિ દાદની 'આવકારો મીઠો આપજે' જેવી કાવ્યપંક્તિઓના સંદર્ભ આપી 'અતિથિ દેવો ભવ'ની ભાવના બાળકોમાં વિકસે તેવી ચર્ચા કરવી.

મુક્તક :

મુક્તક એટલે મોતી. મોતીની જેમ મુક્તક પણ ઓછા શબ્દોનું (નાનું), ભાવની રીતે સુંદર અને વિચારની રીતે અમૂલ્ય(કિંમતી) હોય છે તેવી સમજ આપવી.

(1) જે વ્યક્તિ ટોચ પર પહોંચે છે, ઊંચાઈ, પદ કે ઉન્નતિ પામે છે તેની જવાબદારીઓ પણ વિશેષ હોય છે. કશુંક મેળવવા કશુંક ગુમાવવું પડતું હોય છે. કોઈપણ વસ્તુ એમ ને એમ નથી મળી જતી. જવાબદારીનો કાંટાળો તાજ ઘણીવાર ભારરૂપ પણ લાગતો હોય છે પરંતુ તે વાત પરસ્પરાવલંબી છે. તે વિચારને આ મુકતકના માધ્યમથી સ્પષ્ટ કરવો અને વિદ્યાર્થીઓને જવાબદારી સ્વીકારવા તૈયાર કરવા.

(2) પ્રારબ્ધ અને પુરુષાર્થ બેમાંથી કોણ ચઢિયાતું એવી ચર્ચા વારંવાર સાંભળવા મળતી હોય છે. આ મુક્તકમાં પુરુષાર્થને મહત્ત્વ આપવામાં આવ્યું છે. સફળ વ્યકિતઓ ખૂબ સંઘર્ષ પછી સફળતા પ્રાપ્ત કરે છે ! હસ્તરેખાને આધારે બેસી રહેવાથી સફળતા મળતી નથી તે વાત નકશામાં દર્શાવેલી ઈમારત સાથે સરખાવીને પ્રેરક રીતે રજૂ થઈ છે તે અંગેની ચર્ચા કરી વિદ્યાર્થીઓને પુરુષાર્થ કરવા માટે પ્રેરવા.

'उद्यमेन हि सिध्यंति कार्याणि न मनोरथैः ।

न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥'

જેવા સંસ્કૃત સુભાષિતનો સંદર્ભ આપવો.

હાઈકુ :

(1) કુદરતી તત્ત્વો કોઈ ભેદભાવ વિના સૌને વિપુલ માત્રામાં આપે છે હવા, સૂર્યપ્રકાશ, પાણી, વૃક્ષનો છાંયો, નદી-ઝરણાં-સરોવર, પર્વત સૌને સમાનભાવે સ્વીકારે છે.

ઘર ભલે નાનું હોય પણ સૂરજના ઉજાસે ઝળહળતું આંગણું ઘણું મોટું લાગે છે. વ્યકિતનું ઘર નાનું હોઈ શકે પણ કુદરત વિશાળ હોય છે. આવા એકાધિક અર્થો વિદ્યાર્થીઓ પાસેથી મેળવવા અને કાવ્યાનંદ તરફ વાળવા.

(2) ઈશ્વર કયારેય બધા રસ્તા બંધ કરતો નથી. દાંત આપનાર ચાવણું પણ આપતો હોય છે. એક રસ્તો બંધ થાય તો બીજો રસ્તો તે ખોલી આપે જ છે તેથી મનુષ્યે નિરાશ થવાને બદલે રસ્તો શોધવા પ્રયત્ન કરવો. દીપ હોલવાતાં અંધારું થશે પણ ચંદ્રનો પ્રકાશ બારી વાટે ઘરમાં પ્રકાશ પાથરવા તૈયાર છે. આપણે બારી ખોલવાની જરૂર છે. આવા અર્થો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

•